ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી ૩




# કેડી અને ચઢાણ

– મોહન દાંડીકર

લોકભારતી પ્રકાશન – સણોસરા

## ઝાડનાં પારખાં ફળ પરથી : શ્રેણી : 3

# કેડી અને ચઢાણ

## – મોહન દાંડીકર

**********

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

***************

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૫–'૧૬

સંકલન : જુગલકિશોર
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.
ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

અનુક્રમ

ઉપહાર....4
લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....5
વતન અને કુટુંબ....7
વ્યવસાય....9
ગ્રામસેવક તરીકે જીવન શરૂ....12
લોકભારતીમાં !....14
માલપરામાં જોડાયો....15
વિવિધ શિક્ષણસંસ્થાઓમાં....16
ખારવણના સફળ પ્રયોગો....18
અંગ્રેજીનું ભાષામૂલ્ય....27
મારાં પુસ્તકો પ્રગટ થયાં....28

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને

લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) **તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## વતન અને કુટુંબ

પ્રસિદ્ધ રામાયણી શ્રી. મોરારીબાપુ એક સરસ વાત કહે છે. રામાયણનાં બે પાત્રો એવાં છે – અહલ્યા અને શબરી – જેમને રામની પાસે જવું પડ્યું નથી. રામે એમની પાસે જવું પડ્યું છે. ને ત્રીજું પાત્ર કેવટ. તું મને ભરત કરતાં પણ વધુ પ્રિય. એક ભીલને ભગવાને આટલો મહાન બનાવી દીધો. જેઓ સમાજથી તરછોડાયેલાં હતાં, દીનહીન હતાં તેમનો રામે ઉદ્ધાર કર્યો.

મારું ગામ દાંડી. ગાંધીએ ચપટી મીઠું ઉપાડીને દુનિયાના એક ચમરબંધીની તમરી ઉતારેલી તે ગામ નવસારીથી ૧૦ માઇલ દૂર, દરિયાકાંઠે, જ્યાં પીવાનું પાણી પણ ન મળે. કાદવકીચડમાં જ ચાલવું પડે. દરિયાનાં પાણી ગામની ચારે બાજુ ફરી વળે. એ ગામમાં મા'તમા ગાંધી આવ્યા. ૧૯૩૦માં-ને ગામ પાવન થઈ ગયું; પેલાં અહલ્યા, શબરી અને કેવટની જેમ. ગાંધીને પગલે પગલે ગામની સિકલ બદલાઈ ગઈ. ગામનો ઇતિહાસ બદલાઈ ગયો. ગામની ભાગોળ પણ બદલાઈ ગઈ. એટલે ગાંધી અમારા કુલગુરુ.

અમારા વિશે આજે પણ જાતજાતની વાયકા. કાંઠાના લોકો એટલે માથાભારે, મિજાજી, તોરી, જીભના આખા, સાહસિક, ખડતલ, વટને ખાતર જીવ આપનારા-લેનારા વગેરે વગેરે. મોટે ભાગે ખેતી કરે, કારખાનાંઓમાં કે ફેક્ટરીઓમાં કામ કરે, વહાણવટું કરે કે કાં સફરીઓ.

આવા એક કુટુંબમાં ૧૯૩૩માં મારો જન્મ થયેલો. મારા પિતા ગાંડાભાઈ ગોવિંદજી પટેલ. માતાનું નામ નંદીબહેન. એક બેન છે – શાન્તા. મારાથી નાની. હાલ ઝાંબિયા છે.

મારું મોસાળ સામાપુર. મારું બાળપણ અને મારી કિશોર અવસ્થા મેં આ જ ગામમાં વિતાવેલાં એટલે સામાપુર સાથે આત્મીયતાની એક રેશમી ગાંઠ બંધાઈ ગઈ છે. બસમાં બેસીને આજે પણ પસાર થાઉં ત્યારે કોક ટહુકો કરે એટલે તરત ઊતરી જાઉં. ઘેર જાઉં. ઘેર કોઈ નથી માત્ર તાળું છે. પણ તાળું જોઈ આવું. ઘરને ચક્કર મારી આવું. ફળિયામાં બધાંને મળી આવું. બેચાર કપ ચા પી આવું ત્યારે જ ધરવ થાય.

સામાપુર અને દાંડી વચ્ચે માઇલેકનું અંતર. વ્યવહાર ને ચોપડે બંને ગામ અલગ, પણ બંને ગામનાં છોકરા-છોકરીઓ, લોકો, આગેવાનો વચ્ચે સરસ મેળ. એકમેક માટે આદર. અચાનક એવી કોઈ આફત આવી પડે ત્યારે લોકો ખભેખભા મિલાવીને ઊભા રહે.

મારા પિતા જમશેદપુર ટાટાના લોખંડના કારખાનામાં કામ કરતા એટલે અમે ક્યારેક ત્યાં પણ જતાં. અમારા તરફના ઘણા લોકો કારખાનામાં કામ કરતાં. તેથી ત્યાં પણ મજા આવતી. મારા પિતા બહુ ભણેલા નહિ. પણ આપસૂઝથી એક સારા કારીગર તરીકે નામના મેળવેલી. સરસ સ્વભાવ. નિવૃત્ત થયા ત્યારે એમના સાથીદારોએ એમને ઘણી ભેટો આપેલી.

અમારા માટે ખૂબ લાગણી. કારખાનામાંથી કામ કરીને આવે ત્યારે ટિફિનમાં કંઈ ને કંઈ લાવે જ. પગારને દિવસે તો મીઠાઈ લાવે. મારી બેન શાન્તાને આવતાંની સાથે જ ટિફિન આપે. ક્યારેક ક્યારેક રસગુલ્લા પણ લાવે. રસગુલ્લા અને ગુલાબજાંબુ અમને ખૂબ ભાવે.

અમે મોસાળમાં જ રહેતાં. મારા આજા ભાણાભાઈ ભગવાનજી પટેલ. આજાને અમે મમાતા કહેતાં. મમાતા પાંચ હાથ પૂરા. ઘરમાં આવે ત્યારે વાંકા વળીને આવતા. બસરા, દારેસલામ ફરેલા. શરીર અલમસ્ત. ક્યારેય મેં એમને માંદા પડેલા જોયા નથી. અવસાન વખતે સાઇઠેકના હતા. ગામમાં પીવાના પાણીની ખૂબ તકલીફ. એટલે ગામલોકો ભેગાં થઈને કૂવો ખોદતાં હતાં. મમાતા ત્યાં કામ કરતા. કામ કરતાં કરતાં દુખાવો ઊપડ્યો. ઘેર આવીને સૂતા. બસ, સૂતા તે સૂતા.

મમાઈ-મમાતાને અમારા માટે અપાર હેત. અમને બન્ને ભાઈબહેનને એમણે જે સાચવ્યાં છે, એમણે જે કંઈ કર્યું છે, તેની યાદ આવતાં આંખ ભીની થઈ જાય છે. એમાંય મારી મમાઈની મીઠપ કંઈ ઓર જ હતી. ફળિયાનાં બધાં માટે એવી મીઠપ. તેથી મારી ભાંકમાઈને આજે પણ બધાં સંભારે. ઘણીવાર મારાં બા અમને વઢે ત્યારે અમે ભાંકમાઈને ફરિયાદ કરીએ. ભાંકમાઈ તરત બાને ધમકાવે. લડે પણ ખરાં. મમાતા પણ એવા જ. લોકો એમને આદરથી જોતાં. ગામના કોઈ પણ કામ માટે એમની સલાહ લેવાતી. એયે તરત પહોંચી જતા.

## વ્યવસાય

અમારા વડવાઓ વર્ષો પહેલાં વહાણવટું કરતા. વહાણ લઈને મુંબઈ, મલબાર, કોચીન સુધી જતા. કોઈ કોઈ તો સ્ટીમરોમાં દેશદેશાવર પણ જતા. આફ્રિકા, ઇંગ્લેન્ડ કે ન્યૂઝીલેન્ડ એ રીતે જ ગયેલા.

સામાપુરમાં વહાણો ખૂબ. દરિયાનાં ખારાં પાણીને કારણે જમીન તો ધોવાઈ ગયેલી. ખેતી તો હતી નહિ. જીવવા માટે બીજો કોઈ આધાર હતો નહિ. તેથી લોકો વહાણમાં ખલાસી તરીકે જતા. કાં ખાડીવેડી કરતા. મોટા ભાગના આ જ કરતા. કેટલાક નોકરીધંધા અર્થે દેશના જુદા જુદા ભાગોમાં, કારખાનાંઓમાં કે ફેક્ટરીઓમાં, કારીગર તરીકે, રીગર તરીકે, વેલ્ડર તરીકે, પાઇપફિટર તરીકે કે ફોરમેન તરીકે કામ કરતા. ગામમાં આજે પણ એવા વડીલો છે જેઓ કહેશે - વસઈનો પુલ તો અમે બાંધેલો. આ નર્મદાના પુલનું કામ તો અમે કરતા. બીજો કોઈ વિકલ્પ નહોતો તેથી લોકો જ્યાં જ્યાં કન્સ્ટ્રક્શનનાં કામો ચાલે ત્યાં પહોંચી જતા. જમશેદપુર, ઘાટશીલા, આસનસોલ, સોંદરી, ધનબાદ એ રીતે ગયેલા. કોઠાસૂઝને કારણે અહીંના કારીગરો યાંત્રિક કામોમાં ઊંચામાં ઊંચાં બાંધકામોમાં પાવરધા. આરબ દેશોમાં આજે પણ આ અભણ ઇજનેરોની બોલબાલા.

એક વહાણમાં અમારો પણ ભાગ હતો. એટલે વહાણના કામમાં મદદ કરવી પડતી. વહાણ આવે ત્યારે દૂર સુધી લેવા જવું, પાઘણ ખેંચીને લાવવું, વહાણ ધોવું, રંગવું, સઢ ધોવું, એમ જાતજાતનાં કામો ચાલે. મમાતા સાથે હું પણ આ કામોમાં જોડાતો. એમને મદદ કરતો.

હું ને મારીબહેન મમાઈને દરેક કામમાં મદદ કરતાં. મને બરોબર યાદ છે. ચોમાસામાં અમે કાંઠે મગ કરતાં. ખાડી તરીને જવું પડતું. જતો. ઢોર ચારવા, છાણ પુંજવા, ઈંધણાં કરવા પણ જતો. ઘેર પાટી વણતાં. ત્રણચાર રૂપિયા મળતા. ખરચ જોગું મળી રહેતું. મમાતા સાથે જુવાર સાચવવા જતો. ચોમાસામાં દરિયે મોટી રેલ આવતી ત્યારે લાકડાં કાઢવા પણ જતો. દરિયો ગમે તેટલો તોફાની હોય, પણ લાકડું દેખાયું નહિ કે ઝંપલાવ્યું નહિ. અથાણું ને રોટલો કાં કાંદો ને રોટલો ખાઈને આખો દહાડો લાકડાં કાઢયાં કરતો. કલાકો સુધી દરિયામાં પડી રહેતો. ક્યારેક ક્યારેક તો મછવો લઈને દરિયામાં ફરવા જતા. વાંસી જતા. ઉભરાટ જતા. મજા આવતી. ઘેર આવીને લખોટા

રમતા. ભમરડા રમતા. રણકા રમતા. ઘેરિયા રમતા. ઝેરિયું કૂદતા. આજની જેમ રેડિયો, ટી.વી. કે ટેપરોકોર્ડર નહોતાં એટલે જીવન આમાંથી મળતું.

મારા મામા વર્ષોથી દારેસલામ ગયેલા. પણ મારા પિત્રાઈ મામાઓ પણ મને પોતાના ભાણેજની જેમ જ સાચવતા. એકનો એક ભાણેજ એટલે માનથી રાખતા. આને કારણે સામાપુર સાથે આત્મીયતા બંધાઈ ગયેલી. આજે પણ સામાપુર અચૂક જાઉં. જે ચોરમલા (રૂખડા) પાસે મેં મારી કિશોર અવસ્થા વિતાવેલી તેને મનોમન વંદન કરું. આ ચોરમલો અમારો ભાઈબંધ. અમારો ભેરુ. અમારી તમામ વૃત્તિ—પ્રવૃત્તિઓનું પ્રેરણાસ્થાન. ગામના છોકરાઓ અહીં ભેગા થાય ને રાતે ૧૦-૧૧-૧૨-૧ વાગ્યા સુધી જમાવે. અહીં કથાકીર્તન થાય, અહીં સપ્તાહ બેસે, અહીં ઉજાણી થાય, અહીં માતાજીના ગરબા ગવાય. બેંતાલીસમાં આ ચોરમલાએ જ ગામનું રખોપું કરેલું. હવે તો અમારા પછીની પેઢીએ એનો ચાર્જ સંભાળી લીધો છે. પણ હજી સામાપુર જાઉં ત્યારે આ ચોરમલાનાં દર્શન કરીને ધન્યતા અનુભવું.

અમારે ત્યાં એવો રિવાજ છે. તહેવાર હોય ત્યારે મામીઓ ભાણેજને પૈસા આપી વહાલ કરે. આજે મને ૫૦ થવા આવ્યાં. તો પણ મારી મામીઓ મને રૂપિયો આપે જ. આજે તો હું ના પાડું. કહ્યું કે મારાં બાળકોને આપો છો એ જ બસ. પણ કહે, તું અમારો ભાણેજ તો ખરો જ ને. હોંશે હોંશે આપે. હોંશે હોંશે ખવડાવે.

સામાપુરમાં પાંચ ધોરણ સુધીની શાળા. પાંચમું પૂરૂંકરું ત્યાં તો '૪૨ની લડત આવી. રોજેરોજ પ્રભાતફેરીઓ નીકળવા લાગી. સરઘસો નીકળવા લાગ્યાં. નવા નવા નેતાઓ આવવા લાગ્યા. નવા નવા કાર્યક્રમો અપાવા લાગ્યા. ગામે ગામ સ્કૂલોનો બહિષ્કાર થવા લાગ્યો. અમારે ત્યાં તો દારૂતાડીનાં પીઠાં ચાલતાં. પીઠાંઓ પર પિકેટિંગ થવા લાગ્યું. બધાંની સાથે હું પણ સરઘસમાં જતો. 'અમે ડરતા નથી હવે કોઈથી રે', 'નહિ નમશે, નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું.' એવાં ગીતો ગવડાવતો.

એ દિવસોમાં કાંતણપ્રવૃત્તિ ખૂબ ચાલતી. ભાગ્યે જ કોઈ ઘર એવું હશે જેમાં કોઈ ન કાંતતું હોય. કોઈ ખાદી ન પહેરતું હોય. ગાંધીજયંતી પર તો ગામેગામ કાંતણયજ્ઞો ચાલતા. હરીફાઈઓ

યોજાતી. કાંત્યા પછી સૂતર આપવા કરાડી જતા. દીવાનજીભાઈને ત્યાં. વચ્ચે પોલીસચોકી આવતી. પોલીસો જોઈ જાય તો મારીમારીને ટીપી નાખે; એટલે અમે વહેલી સવારે ૪-૫ વાગે બીજે રસ્તેથી જતા. પાશેર સૂતરના માંડ ૭-૮ આના મળતા. પણ થતું કે આ ગાંધીનું કામ છે. સ્વરાજ્યનું કામ છે. એટલે ગમતું. મને યાદ છે – પરદેશથી અમારાં કોઈ સગાંસંબંધી આવતાં ત્યારે અમે ખાદીનાં કપડાં લઈને મુંબઈ જતા. દેશમાં ખાદીનાં કપડાં જ પહેરાય એવો ભાવ. ખાદી જ પહેરતા. એમાં ગૌરવ માનતા. ઘણા વખત સુધી નિશાળો બંધ જ રહી. ફરી ખૂલી ત્યારે અમે પાંચમામાં જ. એટલે બેદરકારી વધી. ઘેર કોઈ પૂછવાવાળું તો હતું નહિ. રખડવા લાગ્યા. કોચલું લઈને નિશાળે. નિશાળેથી કાંઠે ઢોર ચારવા ભાગી જતા. કોચલું વાડમાં સંતાડી જતા. શિક્ષક પૂછે ત્યારે જૂઠું બોલતા એટલે બાવળની સોટીથી ફટકારતા. ખૂબ મારતા. ઘણીવાર તો શિક્ષક ગામમાં શોધવા નીકળતા. પછી મારતા મારતા નિશાળે લઈ જતા. ભણાવતા સરસ. આજે પણ કેટલુંક યાદ.

’૪૨ની લડત પૂરી થઈ. નિશાળો ફરી શરૂ થઈ. પણ ગમે નહિ. એટલે પિતાજીએ મને જમશેદપુર બોલાવ્યો. પણ ગમે નહિ. ત્યાં નરભેરામ હંસરાજ ગુજરાતી સ્કૂલમાં સાતમા ધોરણમાં દાખલ થયો. આ શાળામાં એક આદર્શ શિક્ષક-ચુનીભાઈ પારેખ. એમના જેવા સાત્વિક પુરુષો શિક્ષણક્ષેત્રે મેં બહુ ઓછા જોયા છે. આ શાળામાં અમે ‘બાલસંઘ’ ચલાવતા, હસ્તલિખિત સામયિક કાઢતા, પ્રવાસપર્યટન કરતા, રમત-ગમત હરીફાઈઓ ગોઠવતા, સાંસ્કૃતિક કાર્યક્રમો આપતા, તેના એ માર્ગદર્શક. એમણે મારામાં અંગત રસ લીધો તેથી હું શાળાંત પાસ થયો.

શાળાંત પાસ થઈ હાઈસ્કૂલમાં ગયો. આઠમું નવમું ત્યાં ભણ્યો. નવમામાં નાપાસ થયો. મુરબ્બી ચુનીભાઈએ આ જાણ્યું ત્યારે દુ:ખી થયા.

થોડા દિવસ પછી એમણે મને ‘હરિજનબંધુ’નો એક અંક આપ્યો. ગાંધીજી એના તંત્રી હતા. એમાં એક જાહેરાત હતી. ગ્રામસેવક વિદ્યાલય-વેડછીમાં ગ્રામસેવકો જોઈએ છે. સ્વરાજ્ય આશ્રમ વેડછી વિશે હું કંઈ જાણું નહિ. પણ ગ્રામસેવક થવાનું મળશે એવો હરખ. એમણે વેડછી પત્ર લખ્યો. શ્રી. ચીમનભાઈ ભટ્ટનો તરત જવાબ આવી ગયો. આવી જાઓ. પિતાજીને વાત કરી. એમને ગમ્યું નહિ પણ હું તો પાછો વતનમાં આવતો રહ્યો.

## ગ્રામસેવક તરીકે જીવન શરૂ

જૂનમાં (૧૯૫૦) વેડછીના ગ્રામસેવક વિદ્યાલયમાં દાખલ થયો. વેડછી આવતાં પહેલાં મને બીડી–સિગારેટની, તાડી પીવાની, પત્તાં રમવાની ટેવ હતી. પણ આશ્રમના પવિત્ર વાતાવરણે તેમ જ જુગતરામભાઈ અને ચીમનભાઈ જેવા તપસ્વીઓના સંસર્ગે મારા બધા મેલ ધોઈ નાખ્યા. આશ્રમનું સતત પ્રવૃત્તિમય અને ત્યાગમય જીવન મને અસર કરી ગયું. વેડછી આશ્રમ મારો ધ્રુવતારક બન્યો. એક વરસનો અભ્યાસ પૂરો કર્યો, પછી પૂ. જુગતરામભાઈને મેં વાત કરી. મારે પણ આવું કામ કરવું છે. જુગતરામભાઈ સુરત જિલ્લા સર્વોદય યોજનાના સંચાલક હતા. એમણે મને માંડવી તાલુકાના દેવગઢ ગામમાં ૧૯૫૧માં ગ્રામસેવક તરીકે મૂક્યો. અહીંથી મેં મારા કામની શરૂઆત કરી. જીવનની શરૂઆત કરી.

આ ગામ માંડવીથી ૧૨-૧૫ માઈલ ચાલીને જ જવાનું. બસની સગવડ ત્યારે નહિ. વૈદ્ય – ડૉક્ટર તો હોય જ શેના ? આ ગામ વિશે એક કહેવત છે :

**માલધા લીમધા મોટી પાલ**
**નહિ મરે તો દેવગઢ ચાલ**

દેવગઢ જાય એ મરે જ એવી માન્યતા. ત્યાં જનારે બધા જ અભાવમાં જીવવાનું. આવા ગામમાં પૂ. જુગતરામભાઈએ મને ગ્રામસેવક તરીકે મોકલ્યો. મારી સાથે વેડછીના મારા સહાધ્યાયી ગોરધનભાઈ ભાવસાર પણ હતા. અમે ત્યાં બાલવાડી ચલાવતા, પ્રૌઢ શિક્ષણવર્ગો ચલાવતા, ગ્રામસફાઈ કરતા, નાનકડું દવાખાનું ચલાવતા. નવા નિશાળિયા હતા, પણ મજા આવતી.

મકનજીબાબા અમારા ઉપસંચાલક. મકનજીબાબા આદિવાસીઓના દ્રોણગુરુ, જેમણે જીવન સમર્પણ કરેલું ગાંધીના કામને. એ સતત અમને હૂંફ આપતા. જુગતરામભાઈ ૧૫-૨૦ દિવસે આવે, ત્રણચાર દિવસ રહે, સાથે કામ કરવા લાગે. આશ્રમની ચારેબાજુ ગીચ ઝાડી હતી. જુગતરામભાઈ કુહાડી, ધારિયું કે દાતરડું લઈને મંડી પડે. અમે પણ જોડાઈએ. આ રીતે આશ્રમની ચારે બાજુની ઝાડી અમે સાફ કરેલી. ગામ ખૂબ ગરીબ. ગરીબાઈ કોને કહેવાય એ મેં અહીં જોયું-જાણ્યું. અહીંના આદિવાસી બહેનો એક કપડું ગોઠણથી ઉપર વીંટાળે. પુરુષો લંગોટીભેર જ રહે. ઘરમાં મૂઠી અનાજ ભાગ્યે જ મળે. કંદમૂળ ખાય. કંદમૂળ કાચાં ને કાચાં ન ખવાય. ઝેર ન લાગે તેથી બાફે. બાફીને

વહેતાં પાણીમાં ટોપલો મૂકી રાખે. પછી ખાય. એયે ન મળે તો ભાજીપાલો ખાય. ઓઢવાપાથરવાનું તો હોય જ શેનું ? રામની આપેલી ભોંય, ને રામનું આપેલું આકાશ, એ જ માયાપૂંજી. શિયાળો હોય કે શિયાળાનો બાપ હોય, એમ જ કાઢે. છાપરીમાં તાપણું કરે. એક લાકડું મૂકી રાખે. સળગ્યા કરે રાતદહાડો. જિંદગી આમ જ કાઢે. મંદવાડ આવે તો જંગલમાં જઈને જડીબુટ્ટી શોધી લાવે. જડીબુટ્ટીનો પાકો જાણભેદ ભલભલો વેદ એની આગળ પાણી ભરે. જંગલનો રાજા. આવા વિસ્તારમાં એક વરસ કામ કર્યું. કામ કરતાં કરતાં થયું કે હજુ ભણવું જોઈએ. મારા કાકાના દીકરા હતા, ગુજરાત વિદ્યાપીઠમાં – મ. ના. પટેલ. એમને લખ્યું. એમણે મને ત્યાં બોલાવ્યો.

અહીંથી મારું વિદ્યાર્થીજીવન પુનઃ શરૂ થયું. પ્રથમ તો હું હિન્દી કાર્યાલયમાં ક્લાર્ક તરીકે જોડાયો. ગિરિરાજજી સાથે કામ કરતાં કરતાં વિદ્યાપીઠની ‘વિનીત’ની પરીક્ષા આપી. પાસ થયો. ખૂબ મહેનત કરતો. રોજ ત્રણ વાગે ઊઠતો. ત્રણથી છ-સાડા છ વાંચતો. પછી નિત્યકર્મ વગેરેથી પરવારી લાઇબ્રેરીમાં જતો. કલાકેક ત્યાં સ્વાધ્યાય કરતો. પછી ૧૦થી ૫ ઓફિસ. સાંજે આઠથી અગિયાર-બાર વાંચતો. સતત છ-સાત મહિના આ રીતે મહેનત કરી ને પાસ થઈ મહાવિદ્યાલયમાં જોડાયો. પ્રથમ વર્ષ પાસ પણ થયો. પણ ફાવ્યું નહિ. હવે ? નરેન્દ્રભાઈ અંજારિયાને મેં વાત કરી. નરેન્દ્રભાઈ અમારા હિન્દી કાર્યાલયના વડા. મારા મુરબ્બી. એમણે લોકભારતી વિશે મને વાત કરી.

વેડછી હતો ત્યારે એકવાર (૧૯૫૧) નાનાભાઈ આવેલા. ત્યારથી એમનું આકર્ષણ. વિદ્યાપીઠમાં ફરી એમને સાંભળ્યા. ગ્રામવિદ્યાપીઠ વિશે વાતો કરી. ત્યારથી ઝંખના હતી લોકભારતીની. નરેન્દ્રભાઈએ લોકભારતી પત્ર લખ્યો.

૧૯૫૪ના જૂનમાં હું પ્રથમ વર્ષમાં જોડાયો. શરૂઆતમાં મને ગમ્યું નહિ. પ્રદેશ જુદો, વાતાવરણ જુદું. પછી વેડછી આશ્રમના મારા બે મિત્રો, ભાઈ મનજી અને બાબર આવ્યા એટલે ગમ્યું.

### લોકભારતીમાં !

અહીંનું છાત્રાલયજીવન મને ગમી ગયું. છાત્રાલયજીવન અમારા માટે નવું નહોતું. વેડછીનું છાત્રાલયજીવન આ કરતાં આકરું હતું. કઠણ હતું. અહીં તો રસોડામાં બધી જ છૂટ. મન ફાવે તે રસોઈ બનાવતા. ગૃહપતિને પૂછતા નહિ તેમ કોઈ ના પણ ન પાડતું. વેડછીમાં જુવારના રોટલા પર પળી પળી તેલ આપતા એટલે વધારેમાં વધારે તેલ કેમ લેવાય તેની કળા અજમાવતા. અહીં પૂરણપોળીમાં ઘી રેડીને ખાતા. ઘી રેડીને ખવાય એ અહીં જાણ્યું. પૂરણપોળી અહીં જ જોઈ. દહીં-છાસ જોઈએ તેટલાં લેવાનાં. માપ નહિ. છાસ પણ કેવી ? મઠો જ. મુકુન્દ ત્રિવેદી અમારો જિગરી. આખું બોઘરણું જમ્યા પછી પણ ગટગટાવી જતો. નોનસ્ટોપ. ક્યારેક રોટલો ને માખણ પણ ઝાપટીએ. આવી મજા અમે ઘેર પણ કરેલી નહિ. આખા વરસનો ખર્ચ માત્ર ૩૦૦ રૂપિયા. ટ્યૂશન ફી, લાઇબ્રેરી ફી, શિક્ષણ ફી, બધું આમાં આવી જાય.

આ બધાંને કારણે આખી સંસ્થા સાથે ઘરોબો બંધાતો. છાત્રાલય, રસોડું, ખેતી, ગૌશાળા બધું આપણું જ છે એવો ભાવ બંધાતો. બધાં એક જ પરિવારનાં છે એવો ભાવ. કાર્યકરો પણ આવો જ ભાવ રાખતા.. અહીં આપણું કોઈ નથી એવું લાગતું જ નહિ. નાનભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ વડીલો છે એવું લાગતું. બીક ન લાગતી. નાનાભાઈ સંસ્થામાં હોય ત્યારે ગમતું. મનુભાઈ આંબલા હોય, સણોસરા આવી શકે તેમ ન હોય, ત્યારે અમે છ માઈલ ચાલીને આંબલા જતા. મોડી રાત સુધી એમને પજવતા. એમની સાથે સાંઢીડા મહાદેવે ધરામાં ધુબાકા મારતા. રાતે બબ્બે વાગ્યા સુધી દાંડિયારાસ રમીરમીને મૂળશંકરભાઈને ઊંઘવા ન દેતા. આટલી નિર્ભયતા, સ્વતંત્રતા. એને લીધે મમતાની એક ગાંઠ બંધાતી.

મનોવિજ્ઞાનનો એક નિયમ છે. એક માણસ આપણને ગમે એટલે એનાં વાણી-વિચાર-વર્તન ગમે. એનાં કામો ગમે. આદર્શો ગમે. એને અનુસરવાનું ગમે. લોકભારતીના શિક્ષકો વિશે આવું થતું. ભાવ આપોઆપ બંધાતો. શરૂઆતમાં ત્રણ છાપરાં સિવાય કંઈ હતું નહિ. પાણી પણ માથે માટલાં મૂકીને લાવતા તો પણ ગમતું. ત્રણ વરસ ક્યાં પસાર થઈ ગયાં તેની ખબર જ ન પડી.

## માલપરામાં જોડાયો

૧૯૫૭માં હું સ્નાતક થયો. સ્નાતક થયા પછી શું કરવું તે પ્રશ્ન ઊભો થયો. મૂળશંકરભાઈએ મને માલપરા જવા સૂચવ્યું. પંચાવન રૂપિયાના પગારથી હું લોકશાળામાં જોડાયો. માલપરાની લોકશાળા સૌરાષ્ટ્રની બીજી લોકશાળાઓ કરતાં આર્થિક રીતે નબળી હતી. રસોડામાં જમવા બેસીએ ત્યારે ખબર પડે કે આજે તો તીખારી ને રોટલો જ છે. ક્યારેક તો મરચું બાજુમાંથી માંગીને લાવીએ. રોટલો ને મરચું જ તેલ સાથે દાબીએ. બાબુભાઈ જાદવાણી અમારા ગૃહપતિ. એમનો સ્વભાવ બધી ખોટ પૂરી કરે. અભાવનો પણ આનંદ માણીએ. લોકશાળાની અમારી ટીમ સારી. માટલિયાભાઈ, મહેશભાઈ વોરા, લાલજીકાકા, મગનભાઈ જોશી, બાબુભાઈ ને હું ભણાવવાની મજા આવતી.

તે વખતના અમારા વિદ્યાર્થીઓમાંથી ભાઈ પીયૂષ માટલિયા, અનિલ પટેલ, એમ.બી.બી.એસ. થયા. ચિત્તરંજન વોરા પી.એચ.ડી. થયા. એનો ભાઈ રાજીવ મુસહરીમાં સંપૂર્ણ ક્રાંતિની ધૂણી ધખાવીને પડ્યો છે. કવિ મનોહર ત્રિવેદી ‘ફૂલની નૌકા લઈને’ આવ્યા છે. ભાઈ પરસોત્તમ પ્રિન્સિપાલ થયો છે. અનિલ અમેરિકા ગયો છે. આ બધો માલપરાનો ફાલ. આવા બીજા પણ ઘણા છે.

આ બધાને યાદ કરું છું ત્યારે વિચાર આવે છે – આર્થિક રીતે ડગુમગુ થતી એક સામાન્ય લોકશાળાના ફાલમાંથી આ શક્ય કઈ રીતે બન્યું ?

આ બધા પોતપોતાનાં ક્ષેત્રોમાં આગળ વધેલા છે. એમના વિકાસમાં એમનો જ પુરુષાર્થ વિશેષ છે. તે દિવસે અંગ્રેજી પણ અમે આઠમાથી ભણાવતા. તેયે પાધરું નહિ. અંગ્રેજી તો એમણે કૉલેજમાં જઈને તૈયાર કર્યું હશે. છતાં એ લોકો આટલું કરી શક્યા. જે સંસ્થા પાસે પૂરો પગાર આપવાની ત્રેવડ નહોતી, જમતી વખતે મરચું પણ માગીને લાવતા, તે લોકશાળાના વિદ્યાર્થીઓ એમ. એ., એમ.બી.બી.એસ, અને પી.એચ.ડી. પણ થઈ શક્યા. જે.બી. વૉટસન આ જ કહેતો હતો. વાતાવરણ માણસને ઘાટ આપે છે. ખેડ, ખાતર ને પાણીનો ક્યારેક એવો મેળ જામી જાય છે કે મબલખ પાક ઊતરે છે. એવું જ શિક્ષણમાં પણ થતું હશે ?

## વિવિધ શિક્ષણસંસ્થાઓમાં

૧૯૫૩માં લોકભારતીની શરૂઆત થયેલી. ૧૯૫૬માં પ્રથમ ટુકડી બહાર પડી. અમે બીજીમાં. ૧૯૫૭ સુધી કોઈ યુનિવર્સિટીએ માન્યતા નહોતી આપી. ૧૯૫૮માં દ્વિભાષી એડ઼ (ડિપ્લોમા ઇન બેઝિક એજ્યુકેશન) માટે.  ડી.બી. એડ઼. માટે ત્યારે એક જ કૉલેજ. રાજપીપળા. ૧૯૫૮ના જૂનમાં લોકભારતીના પ્રથમ વિદ્યાર્થી તરીકે ત્યાં દાખલ થયો. ૧૯૫૯માં ડી.બી.એડ઼. થયો.

અમારા પરીક્ષક તરીકે મુ. ચીમનભાઈ ભટ્ટ હતા. એમણે વેડછી આવવા સૂચન કર્યું. ૧૯૫૯ના જૂનથી હું અધ્યાપન મંદિરમાં જોડાયો. વેડછી પછી વાપી, જામનગર, સાવરકુંડલા અને બોરખડીનાં બહેનોનાં અધ્યાપન મંદિરોમાં કામ કર્યું. બરાબર ૧૦ વરસ. ૧૯૬૯ના જૂનથી ઉત્તર બુનિયાદી વિદ્યાલય – ખરવાણમાં આચાર્ય તરીકે જોડાયો. ૧૯૭૬ સુધી અહીં કામ કર્યું.

ઉત્તર બુનિયાદી વિદ્યાલયનું સંચાલન મહુવા તાલુકા ગ્રામ સેવા સમાજ કરતો હતો. છગનભાઈ કેદારિયા એના પ્રમુખ હતા, જેઓ પાર્લામેન્ટના સભ્ય પણ હતા. એમની ઉપર પૂ. જુગતરામભાઈએ ભલામણપત્ર લખેલો એટલે છગનભાઈને એમ કે જુગતરામભાઈ જેમની ભલામણ કરે એને સંસ્થાનું સંચાલન સોંપવામાં વાંધો નહિ. એટલે મારા જેવા એક અજાણ્યા શિક્ષકને એમણે બધી જવાબદારી સોંપી. અત્યાર સુધી મેં એક શિક્ષક તરીકે કામ કરેલું હતું. હવે સંચાલક તરીકે કામ કરવાનું હતું. અનુભવ નહોતો પણ શિક્ષણની દૃષ્ટિએ ગમતું હતું. આદિવાસી વિસ્તારમાં કામ કરવાની ઝંખના પણ હતી.

ખરવાણ મહુવા તાલુકામાં છે. બેએક હજારની વસતી. ૯૫ ટકા આદિવાસીઓ. બધા જ ધોડિયા. સુરત જિલ્લામાં મુખ્યત્વે ધોડિયા, ચૌધરી, ગામીત, વસાવા, કુકંણા અને કોટવાળિયાઓ વધારે. સૌથી સુખી અને પ્રગતિશીલ ધોડિયા. આમનામાં ભણતરનું પ્રમાણ વધારે. વકીલો, ડૉક્ટરો, પ્રોફેસરો આ કોમમાં ઘણા. સૌથી ગરીબમાં ગરીબ કુકણા અને કોટવાળિયા.

૧૯૫૧-૫૨માં મને દેવગઢમાં કામ કરવાની તક મળેલી. ત્યારે મારી છાપ એવી બંધાયેલી કે આદિવાસીઓ પ્રમાણમાં ભલા-ભોળા-વિશ્વાસુ, કામચોર નહિ. મોટા ભાગની પ્રજા આજે પણ આવી જ. પણ હવે જે અનુભવો થતા જાય છે તે જુદા છે.

આપણું સમાજજીવન, આર્થિક જીવન, જેમ જેમ કરવટ બદલતું જાય તેમ તેમ માણસ પણ બદલાતો જવો જોઈએ. હતો તેના કરતાં વધારે પ્રામાણિક બને, વધારે જવાબદારીપૂર્વક વર્તે, સમાજને વધારે ઉપયોગી થાય, ભણ્યા પછી તો ખાસ ઉપયોગી થાય, તેમ થવું જોઈએ. પણ બને છે એનાથી ઊલટું જ. આવું કેમ ?

આનું કારણ આપણા શિક્ષણનો ઢાંચો છે. આપણું શિક્ષણ એ લેનારને સમાજાભિમુખ બનાવવાને બદલે વધારેને વધારે સમાજવિમુખ બનાવે છે. શિક્ષણ લીધા પછી બીજાના ખભા ઉપર બેસવાની કળા એ શીખવે છે, પોતે વિશેષ છે તેમ માને છે. વિશાળ સમાજની પછી એ ચિંતા નથી કરતો.

આપણી ગુરુકુળ પરંપરામાં રાજાનો દીકરો પણ ગુરુને ત્યાં શિક્ષા-દીક્ષા લઈને સમાજપ્રીત્યર્થે બધું સમર્પણ કરતો. આ સમર્પણભાવ એ જ એના જીવનનું લક્ષ્ય રહેતું.

લોકભારતી પાસેથી હું આ શીખ્યો છું. જે ધરતી-મોતીએ તારું પોષણ કર્યું, જે સમાજે તારું સંવર્ધન કર્યું, જેણે જેણે તારા યોગક્ષેમમાં યત્કિંચિત ફાળો આપ્યો, તેનું ઋણ તારે ચૂકવવાનું છે. આ દૃષ્ટિ નજર સામે રાખીને અત્યાર સુધીનો મારો વ્યવહાર મેં ગોઠવ્યો છે.

લોકભારતીની બીજી વિશેષતા તે એની પરિવાર ભાવના. સૌ એક પરિવારની જેમ જીવે, વર્તે, રહે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો આ પરિવારભાવનાના પાયા પર જ રચાવા જોઈએ. શિક્ષણ લેનાર અને દેનાર વચ્ચે જેટલી આત્મીયતા તેટલી એની સાર્થકતા. એના અભાવમાં એક મા બાળકને ઉછેરે અને એક નર્સ બાળકને ઉછેરે, એમાં જેટલો ફેર તેટલો ફેર. આત્મીયતા અમૃત છે.

## ખારવણના સફળ પ્રયોગો

ખરવાણમાં આ વસ્તુ નજર સામે રાખીને મેં મારી કામગીરી શરૂ કરી. ખરવાણમાં આવતા વિદ્યાર્થીઓ આદિવાસી. મૂળે અઊઘડ. જમવા બેસે ત્યારે ઊભડક બેસે. હાથમાં થાળી લઈને બેસે. પ્રમાણભાન ન  રાખે. વાતવાતમાં ગાળ બોલે. આવાઓની વચ્ચે મેં મારી કામગીરી શરૂ કરી.

મારા મનમાં પહેલેથી ગણતરી હતી, અભ્યાસનું વાતાવરણ સરસ જમાવવું. શરૂઆતમાં ઘણી મુશ્કેલી પડી. વિદ્યાર્થીઓ ગરીબ, નબળા. પૂરાં પુસ્તકો નહિ, છાત્રાલયમાં પૂરી સગવડો નહિ, એક જ પેટ્રોમેક્ષ સળગાવીને તેની આજુબાજુ બધા બેસે. અમે બધા પણ બિનઅનુભવી. પણ બધાએ બરાબર મહેનત કરી. વિદ્યાર્થીઓ પણ જુદા જુદા સ્તરના હોવા છતાં મહેનત કરતા. આ બધાને કારણે પાંચ વરસમાં અમે આટલું પરિણામ લાવી શક્યા.

૧૯૭૧ – ૩૪.૫ ટકા    ૧૯૭૪ – ૮૩.૩ ટકા

૧૯૭૨ – ૪૬.૭ ટકા    ૧૯૭૫ – ૭૨.૮ ટકા

૧૯૭૩ – ૬૨.૫ ટકા

૧૯૭૬માં હું છૂટો થયો. ૧૯૭૭માં શાળાનો એક વિદ્યાર્થી એસ. એસ. સી. બોર્ડમાં ચોથે નંબરે આવ્યો. આ વસ્તુ આમ એટલી નોંધપાત્ર ન ગણાય. ક્યારેક આવું બને પણ ખરું. પણ બધી જ જાતના અભાવમાં કામ કરતી ઉત્તર બુનિયાદી શાળાનો એક આદિવાસી વિદ્યાર્થી આ સિદ્ધિ મેળવે એનો અર્થ એ થયો કે આ શક્ય છે.

અમારી બાજુના જંગલવિસ્તારમાં, ખાસ કરીને આહવા, ડાંગ, સોનગઢ, વ્યારા, માંડવી, મહુવા તાલુકામાં આદિવાસી છોકરા માટે માતૃભાષા ગુજરાતી પણ બીજી ભાષા જેવી જ. આ બધાની અસલ બોલી નોખી નોખી, મરાઠીની અસરવાળી. એટલે તો પહેલા, બીજા, ત્રીજા ધોરણોમાં ગુજરાતી વાચનમાળા આજે પણ એમની બોલીમાં સમજાવવી પડે. હિંદી, સંસ્કૃત અને અંગ્રેજી એમને માટે કેવી કેવી મુસીબતો સર્જે છે એ તો અનુભવે જ સમજાય. તેવા વિસ્તારમાં આવું કામ થાય એ સારું ગણાય.

પણ અમારું લક્ષ્ય માત્ર એસ. એસ. સી.નું રિઝલ્ટ નહોતું. અમે તો નઈ તાલીમના કામને વરેલા હતા. અભ્યાસની સાથોસાથ વિદ્યાર્થીઓમાં કેટલાંક કોશલ્યો ખીલે, કેટલીક ટેવો, વલણો, વૃત્તિઓ, અભિરુચિઓ કેળવાય તે અમારું લક્ષ્ય હતું. આ બાબતમાં અમે ઝાઝું કરી શક્યા નથી. પણ કેટલાક અનુભવો સરસ થયા :

અમારી પહેલી ટુકડીમાં શંકર નામે વિદ્યાર્થી હતો. ગોવાળિયો હતો. પછી ભણવા આવ્યો. શાળામાં કપડાં, નોટ, પુસ્તકો તો જોઈએ જ. શંકર રજામાં મજૂરીએ જાય, ઘાસ કાપવા જાય, ને પૈસા ભેગા કરે. એસ. એસ. સી.ની પરીક્ષા માટે બારડોલી જવાનું હતું. શંકર પાસે કપડાં નહિ. હાથખર્ચી પણ જોઈએ. મૂંઝાય. તે દિવસોમાં ખરવાણની સડક બંધાતી. મને કહે, હું મજૂરીએ જાઉં. સાંજે આવી જઈશ. એમ એ જતો. રાતે મોડે સુધી વાંચતો. એસ. એસ. સીમાં ૫૫ ટકા માર્કસ મેળવી અંગ્રેજી સાથે પાસ થયો. પછી વેડછીના અધ્યાપનમંદિરમાં તાલીમ લીધી. આજે એ સોનગઢનાં જંગલોમાં શિક્ષક છે.

બહેન કાન્તાબહેન મહારીભાઈ. આ છોકરી પણ ખૂબ જ ગરીબ. શાળાએ આવે ત્યારે એકનું એક ફાટેલું બ્લાઉઝ પહેરીને આવે. અક્ષર મોતીના દાણા જેવા. હોંશિયાર. એણે પણ સાદડી ગૂંથી ગૂંથીને ખરચનો જોગ કર્યો. રાતે સાદડી ગૂંથે, સવારે શાળાએ આવે. એયે સારા માર્કે પાસ થઈ. મેં પૂછયું -હવે શું કરવું છે ? કહે, ભણવું છે. શું ભણવું છે ? કહે-કૉલેજમાં જવું છે. એની સ્થિતિ તો એવી કે એ ક્યાંય જઈ શકે નહિ. પણ અમે શિક્ષકોએ નક્કી કર્યું. આને કૉલેજમાં મોકલીએ. અમે એને ગુજરાત વિદ્યાપીઠમાં મોકલી. સ્નાતિકા થઈ. ત્યાં જ બી.એડ્. થઈ. આજે એ આહવાની હાઇસ્કૂલમાં શિક્ષિકા છે.

આવાં અનેક ભાઈબહેનો મજૂરી કરી કરીને ભણ્યાં. પોતપોતાના કામધંધે જોડાયાં. શિક્ષક-શિક્ષિકા થયાં. કેટલાક કૉલેજમાં છે. ત્રણ બહેનો બી.કોમ. થઈ. આમાંથી કેટલાંય એવાં હતાં જેમણે બારડોલી ગયાં ત્યારે જ પહેલવહેલી ટ્રેન જોઈ. સ્ટેશન આવું હોય એમ ત્યારે જ જાણ્યું. ટ્રેન કે સ્ટેશનની સંકલ્પના જ નહિ. તે દિવસે અવકાશયાત્રી નીલ આર્મસ્ટોંગની ત્રિપુટી અવકાશનો તાગ મેળવીને આવી ગઈ હતી. એ આ જમાનો હતો !

ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં મુખ્ય ઉદ્યોગ ખેતી. ખેતીકામનો મને અનુભવ નહિ. રસ પણ નહિ. ભવિષ્યમાં આવું કામ મારે કરવાનું આવશે એવોખ્યાલ પણ નહિ. લોકભારતીમાં ત્રણ વરસ ભણ્યો ત્યારે પણ ખાસ ખ્યાલ રાખેલો નહિ.

ઉત્તર બુનિયાદી વિદ્યાલયની પાસે ૨૫ વિઘાં જમીન. સરકારી ગોચર. સાવનકામી-ખાડાટેકરાવાળી જમીન. કેટલીક જગ્યાએ તો ખાર ઊભરાતો. ગલ પડતા, ભૂલથી પગ પડી જાય તો અંદર આખા ને આખા ઊતરી જવાય એવી જમીન. પણ થોડીક જમીન સારી હતી.

મેં જ્યારે શરૂઆત કરી ત્યારે માત્ર ચાર ક્યારીમાં ભાત (ડાંગર) થતું. પાણીની સગવડનહિ. વરસાદ પર આધાર રાખવો પડતો. પહેલે વર્ષે અમે સાતેક મણ ભાત પકવેલો.

ધીમે ધીમે અમે ક્યારીઓ સરખી કરી. પડતર જમીનને મજૂરોથી અને બુલડોઝરથી સમતલ કરાવી. આમ ૧૨-૧૫ ક્યારીઓ તૈયાર કરી. પાણી માટે કાયમી વ્યવસ્થા થાય તેવો પ્રબંધ કર્યો. તાલુકા પંચાયત પાસેથી આર્થિક સહાય મેળવી. નહેરમાંથી પાઈપલાઈન લઈ આવ્યા. મોટા ભાગની જમીનને બારે મહિના પાણી મળ્યા કરે તેવી વ્યવસ્થા ગોઠવી. બધી જ મજૂરી વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ કરી.

મોટાભાગની જમીન કસ વિનાની હતી. અમે નક્કી કર્યું, આનું પોત સુધારવું. તે વિના બધું નકામું. લોકભારતીનો મને ખ્યાલ હતો. શરૂમાં અમે ઉદ્યોગકામમાં પથરા વીણતા. એવી જમીન હતી. પછી ધીમે ધીમે સારી થઈ. અહીં પણ અમે નક્કી કર્યું, આ જમીનમાં દેશી ખાતરો જ વાપરવાં. આવી જમીનમાં સેન્દ્રિય ખાતરો જેટલાં વધારે તેટલું સારું, જેથી જમીનને જોઈતો ખોરાક મળે અને પોત પણ સુધરે. આ દૃષ્ટિ નજર સામે રાખીને અમે છાણિયું ખાતર, લીલો પડવાસ, કમ્પોસ્ટ ખાતર, બકરાની લીંડી, ઢીંકણ, પાંદડાં વગેરે ખાતરો આપતા. રાસાયણિક ખાતરો ક્યારેક જ, ખપ પૂરતાં જ આપતા. પરિણામ સારું આવ્યું. જે જમીનમાં પહેલે વર્ષે પાંચસાત મણ ભાત પકવેલો તે જમીનમાં ત્રીજે ચોથે વર્ષે એકરે ૭૦-૭૫ મણ ભાત થયો. પછી ક્યારીઓ વધી. એટલે ૨૦૦-૨૫૦ મણ ભાત પકવતા થયા. શેરડી સરસ થઈ. ઘઉં, મગ, કાંદા પણ કરતા. લીલાં શાકભાજી નિયમિત કરતા. પછી નક્કી કર્યું, છાત્રાલયમાં શાકભાજી વેચાતાં ન લાવવાં. જાતે જ

ઉગાડવાં. નક્કી કરીને આયોજન કર્યું. વાડોલિયાં તૈયાર કર્યાં. વિદ્યાર્થીઓને વહેંચી દીધાં. મોટા ભાગના શિક્ષકો સંસ્થામાં જ રહેતા હતા. તેમણે પોતપોતાની રુચિ મુજબ કામો વહેંચી લીધાં. પરિણામ સરસ આવ્યું. તાજાં શાકભાજી નિયમિત મળવા લાગ્યાં. શાકભાજીમાં સિઝન પ્રમાણે રીંગણાં, બટેટા, કોબી, ફ્લાવર, ટામેટાં, પાપડી, ચોળા, દૂધી, તુવેર, મરચાં વગેરે કરતા. રીંગણાં ટમેટાં તો ક્યારેક હાટવાડામાં વેચવા પડતાં એટલાં થતાં. છાત્રાલયનો મોટા ભાગનો ખર્ચ અમે આ રીતે ખેતીમાંથી મેળવતા. અમારું છાત્રાલય આમ તો સરસકારમાન્ય છાત્રાલય, એટલે ગ્રાન્ટ મળતી, પણ દસ ટકા રકમ સંસ્થાએ જોડવાની હોય. તે અમે આ રીતે મેળવી લેતા. ક્યારેક વધારે મેળવતા. ક્યારેક પાંચ-સાત હજાર તો ક્યારેક દસ-બાર હજાર રૂપિયા અમે મેળવતા.

તાલુકા પંચાયતે પાઈપલાઈન માટે અમને મદદ કરેલી. અમારી સંસ્થાએ અમને જમીન લેવલ કરાવી આપેલી. તે સિવાયની કોઈ મદદ અમને મળી નથી. તેમ અમે ક્યાંય હાથ લંબાવ્યો નથી. થાય તેટલું કરતા. અમારા પ્રમુખ મને કહેતા – થાય તેટલું કરવું. આને કારણે વધારે ને વધારે મહેનત કરવાની ચાનક રહેતી. લોકો પણ અમારું કામ જોઈને રાજી થતાં.

વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરની દૃષ્ટિએ આ વસ્તુ મહત્ત્વની છે. વિદ્યાર્થીઓને એવી ખાતરી થાય છે કે આ સંસ્થા અમારી જ છે, એના વિકાસ માટે અમારે પણ કંઈ કરવાનું છે, ત્યારે તેમનો પુરુષાર્થ અનેકગણો વધી જાય છે. તેમનો ઉત્સાહ-આનંદ બમણો થઈ જાય છે.

નહેરનાં પાણી સવારે બંધ થઈ જવાનાં હોય ત્યારે રાતે બાર-બે વાગ્યા સુધી જાગીને અમે ઘઉંને પાણી પાતા. શેરડીને પાણી પાતા. રોપણી વખતે દિવસો સુધી પલળીને છોકરા-છોકરીઓ રોપણી પૂરી કરતાં. કાપણી વખતે દિવસો સુધી કામ કરતા પણ થાકે નહિ. કામ પૂરું કરે જ. શિક્ષકો પણ સથવારો કરાવે. કોઈ મુકાદમની જરૂર નહિ.

લોકભારતીમાં શરૂઆતમાં અમે આવો અનુભવ કરેલો. ગૌશાળાની સફાઈ કરતાં કરતાં છાણમૂતરમાં હાથ ગંધાતા. તો પણ કંટાળો નો'તો આવતો. કૃષ્ણપરાવાળા ખેતરે શેરડી કપાતી ત્યારે રાતદહાડો ત્યાં જ પડી રહેતા. મુકુંદ ગૌશાળામાં પડી રહેતો. ભાઈ પ્રભુભાઈ ટ્રેક્ટર ફેરવ્યા કરતા. મોહન-જીવરાજને ભણવા કરતાં ખેતી વધારે વહાલી. કેટલાકને રસોડું જ વધારે ફાવતું.

કાયમ ચા મળે એટલે બળવંતરાય કાયમ દવાખાનું સાચવતા. પણ આ બધામાંથી અમારાપણાની એક ભાત ઊપસતી. રૂપિયાઆનાપાઈની દૃષ્ટિએ આનું મૂલ્ય ઓછું હોય તો પણ શિક્ષણની દૃષ્ટિએ આનું મૂલ્ય જરાયે ઓછું નથી.

ખરવાણમાં અમે આ પરંપરા ઊભી કરેલી.

આ બધામાં મારી સાથેના મારા શિક્ષક મિત્રોએ મને ખૂબ મદદ કરી છે. ભાઈ મહેરવાનભાઈ પટેલ અને અમરસિંહ ચૌધરી તો લોકભારતીના જ સ્નાતકો. એ તો આવા વાતાવરણમાં જ ઊછરેલા. પણ જેઓ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો હતા, તેવા કાન્તિભાઈ મૈસુરિયા, પરસોત્તમભાઈ, મગનભાઈ ટંડેલ, ભાનુભાઈ અને છગનભાઈ પટેલ-વગેરેએ પણ મને ખૂબ મદદ કરી છે. એટલે જ કામ સારું થઈ શક્યું.

અભ્યાસની સાથોસાથ ઇત્તરપ્રવૃત્તિઓ તરફ પણ અમે પૂરતું લક્ષ આપતા. એકવાર અમારી બહેનોનું ટિપ્પણી નૃત્ય જિલ્લામાં પ્રથમ આવ્યું. બારડોલી મુકામે યોજાયેલ રાજ્યકક્ષાના યુવક મહોત્સવમાં બીજું સ્થાન મળ્યું. બાબુભાઈ પટેલ નામનો એક વિદ્યાર્થી જૂનાગઢ મુકામે યોજાયેલ રાજ્યકક્ષાની કબડ્ડીની ટીમમાં રમ્યો. ૧૯૭૧માં દક્ષિણ ગુજરાતનાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયોનો એક ‘સાહિત્ય શિબિર’ અમે ખારવાણમાં યોજ્યો, જેમાં ૧૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સર્વશ્રી મનુભાઈ પંચોળી, ઈશ્વર પેટલીકર અને રામનારાયણ ના. પાઠક જેવા ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારો ત્રણ દિવસ સુધી અમારી વચ્ચે જંગલમાં રહ્યા. અનેક અગવડો વેઠી. શ્રી ઈશ્વર પેટલીકરે ‘નિરીક્ષક’માં આની સરસ નોંધ લીધી. આદિવાસી પ્રજામાં આવેલ જાગૃતિથી તેઓ ઘણા પ્રભાવિત થયા. જુગતરામભાઈ, ચીમનભાઈ અને બબલભાઈ જેવા આત્મીયજનોના માર્ગદર્શનથી અમે આવું મોટું સંમેલન નિર્વિઘ્ને પાર પાડી શક્યા. વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ સતત એક મહિના સુધી લીધેલી મહેનત ફળી. નાનાં નાનાં કામનું પણ કેવું સુંદર પરિણામ આવે તેનો અમે અનુભવ કર્યો.

અમારી કરચેલિયાની આશ્રમશાળા અને એના આચાર્ય મોતીભાઈ પણ અમારા તમામ કામમાં ભાગીદારો.

ખેતીમાં હું કંઈ સમજું નહિ, કયો પાક ક્યારે લેવો તેની ગતાગમ નહિ. ત્યારે આશ્રમશાળાએ અને મોતીભાઈએ મને સતત મદદ કરી છે, માર્ગદર્શન આપ્યું છે.

આશ્રમશાળા પાસે માત્ર ૧૦ વીઘાં જમીન. ૪થી ૭નાં ૧૨૦ બાળકો. નાનાં નાનાં બાળકો છતાં એની ખેતી એટલી બધી સરસ કે લોકો ખાસ જોવા આવે. ભાત, ઘઉં, શેરડી, કેળ, પપૈયા કાયમ કરે. ભાતની નવી નવી જાતોનાં અખતરા કરે.

અભ્યાસ પણ સરસ. શાળાન્તરનું પરિણામ ૭૦-૮૦-૯૦ ટકા સુધી આવે. વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષામાં પણ બેસે. સ્કોલરશીપ  પણ મેળવે. આટલાં નાનાં નાનાં છોકરાં આટલી સરસ ખેતી કરે અને આટલું સરસ પરિણામ પણ લાવે એ મેં નજરોનજર ન જોયું હોત તો માનત પણ નહિ. એકવાર  ૧૮ હજારનું ભાત થયેલું.

આ આશ્રમશાળાએ મને દૃષ્ટિ આપી છે. કામ કરતાં કરતાં અમે એટલો વિશ્વાસ કેળવી શક્યા કે અભ્યાસની સાથોસાથ આવી ભંગાર જમીનમાંથી પણ ૧૫-૧૭ હજાર રૂપિયા તો રમતાં રમતાં મેળવી શકાય.

૧૯૭૬માં જ અમને હાયરસેકંડરીની મંજૂરી મળી. ગ્રાન્ટ પણ મળી. પણ ખેતી, છાત્રાલય અને ગૌશાળા શૈક્ષણિક હેતુ બર આવે તે રીતે ગોઠવવાં જોઈએ. તે માટે સગવડ જોઈએ. તે નો'તી. તેથી હાયરસેકંડરી શરૂ ન કરી શક્યા. પણ શરૂઆતમાં પ્રાયોગિક ધોરણે જે ૨૦૦ શાળાઓ પસંદ થયેલી તેમાં અમારી ગણતરી પણ હતી તે વાતે હું ફુલાયા કરતો હતો.

પણ અમારી કસોટી થવાની હજુ બાકી હતી.

માધ્યમિક શિક્ષણધારો આવતાં પહેલાં હાઇસ્કૂલોમાં અનટ્રેઈન્ડ શિક્ષકોને રાખી શકાતા હતા. તેથી અમે મદદનીશ ઉદ્યોગશિક્ષક તરીકે આવા એક ભાઈને રાખેલા. ૧૯૭૩માં સરકારે સો ટકા ગ્રાન્ટની નીતિ અપનાવી એટલે અનટ્રેઈન્ડ શિક્ષકોના પ્રશ્નો ઊભા થયા. આ શિક્ષકનો બે વરસનો પગાર, રૂપિયા તેર હજાર અમાન્ય થયો. અમે મૂંઝાયા. શિક્ષકને વાત કરી. પરિસ્થિતિ સમજાવી. પણ એમને ધારાનું રક્ષણ હતું. મામલો ટ્રિબ્યુનલમાં ગયો. ટ્રિબ્યુનલમાં સમાધાનના પ્રયાસો કરી

જોયા. શિક્ષકને રાખી પણ શકાય અને પગાર પણ અમાન્ય ન થાય તેવી જોગવાઈ ધારા પાસે નહોતી. અમે હારી ગયા. કઠણાઈ હવે શરૂ થઈ. ન અમે છૂટા કરી શકીએ, ન અમે બોજો સહન કરી શકીએ. પેલા શિક્ષકને ફરી સમજાવ્યા, પણ એ મમતે ચઢેલા હતા.

નવનિર્માણ આંદોલન પછી રચનાત્મક સંસ્થાઓમાં રાજકારણે પ્રવેશ કર્યો હતો. અમારા પ્રમુખ છગનભાઈ કેદારિયા સંસ્થા કૉંગ્રેસના પાયાના માણસ હતા. એમને ઝપટમાં લેવાય તેવી તક એમના વિરોધીઓ શોધે જ. એટલે સ્થાનિક રાજકારણીઓએ આમાં રસ લેવા માંડ્યો. અમારા શિક્ષક અને અમારા વિદ્યાર્થીઓ પણ જાળમાં ફસાયા. જે ગામમાં અમને આટલો સહકાર મળતો હતો તે જ ગામમાં મારા રાજીનામાની માગણી થવા લાગી. જાતજાતના આક્ષેપો થવા લાગ્યા. આવું વાતાવરણ મેં જોયેલું નહિ. અનુભવેલું નહિ. ખૂબ મૂંઝાઉં. મને પણ ધારાનું રક્ષણ તો હતું, પણ કોની સામે લડું ? હજુ પેલો તેર હજારનો ખાડો પૂરવાનો તો બાકી જ હતો.

આ અંગે પૂ. જુગતરામભાઈને અને ચીમનભાઈને જાણ કરી. એમની સલાહ મળી કે ધીરજ રાખવી. ધીમે ધીમે બધું થાળે પડી જશે. થાળે પડ્યું પણ ખરું. સૌને ખ્યાલ પણ આવ્યો, આ ખોટું થયું.

પણ મારું મન અહીંથી ઊઠી ગયું હતું. મને થયું આટલાં વરસની મહેનત પછી પરિણામ આ જ આવવાનું હોય તો કોને માટે આ કરવું ?

તે અરસામાં ધીરુભાઈ દેસાઈ મઢી આવેલા. મુ. ચીમનભાઈએ એમને મારે વિશે વાત કરી. એમણે મને એમની અગાસીની સંસ્થામાં જોડાવા કહ્યું. હું અકળાતો જ હતો એટલે અગાસી ઊપડી ગયો.

આ સંસ્થાની શરૂઆત પણ ૧૯૬૯માં થયેલી. ચીખલી તાલુકાની આ એક નમૂનેદાર સંસ્થા હતી. લોકોમાં એની સુવાસ સારી હતી. શિક્ષકો પણ નિષ્ઠાવાળા હતા. પણ છેલ્લાં આઠદસ વરસથી મુક્તતાથી, મોકળાશથી, કામ કરવા હું ટેવાયેલો હતો તેના કરતાં અહીંની પરિપાટી જુદી હતી. અહીં મને મજા ન આવી. એટલે વરસ પછી અહીંથી પણ છૂટો થયો ને સાવરકુંડલા જોડાયો.

દશ વરસ પહેલાં હું સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં કામ કરતો હતો. અમારા પ્રમુખ મુ. લલ્લુભાઈ શેઠ હતા. અમે બધા અંદર અંદર ઝઘડતા હતા. ક્યારેક ક્યારેક તો સવારે ચારચાર વાગ્યા સુધી અમારી ટપાટપી ચાલે. લલ્લુભાઈ શાંતિથી બેસીને અમને સાંભળે. સહન કરે, માપે, માણે. પછી અમને છૂટા કરેલા. આજે દશ વરસ પછી એના એ લલ્લુભાઈ હસતા હસતા ખભા પર હાથ મૂકીને આવકાર આપતાં કહે – " કેમ, પાછા આવી ગયા ને ?"

આવા માણસના ખોળામાં મરવાનું પણ ગમે.

કુંડલા આવતાં વતનમાં આવતો હોઉં એવું લાગ્યું. પણ અત્યાર સુધી હું આચાર્ય હતો. હવે હું આચાર્ય મટી પાછો શિક્ષક થયો.

જુગતરામભાઈનું એક ગીત છે :

અનુભવ જીવનનું નવનીત,
અમસ્તું નહિ મળે રે.
જે મથશે તેને મળશે,
અનુભવ જીવનનું નવનીત,
અમસ્તું નહિ મળે રે.

આ બધાંની પાછળ પણ એક અનુભવ છે. એક ઇતિહાસ છે. એક વેદના છે. એક એવા શિક્ષકની વેદના, જેણે નઈ તાલીમના વિચારને જીવનના એક મિશન તરીકે સ્વીકારેલો હતો.

સુરત-વલસાડ જિલ્લામાં કામ કરનારા મોટા ભાગના ઉત્તર બુનિયાદી વિદ્યાલયના શિક્ષકો માત્ર ૧૧થી ૫ ના કર્મચારીઓ નથી. તેમાંના મોટા ભાગના તો શિક્ષણના કામને વરેલા છે. વર્ષોથી એમાં ખૂંપી ગયેલા છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયોની એક સરસ પેટર્ન ઊભી થયેલી છે. આને કારણે બધી જ રચનાત્મક સંસ્થાઓ એક પરિવારની જેમ કામ કરતી હતી. જુદા જુદા વિષયો પર ભરાતા વિદ્યાર્થીશિબિરો, શિક્ષકશિબિરો, શ્રમશિબિરો, ગાંધીમેળાઓ, સંમેલનો, નશાબંધીનાં કામો, રેલરાહતનાં કામો, દુષ્કાળનાં કામો, આ બધી પ્રવૃત્તિઓ સરસ ચાલતી. આથી બંને જિલ્લામાં રચનાત્મક કામની એક સુવાસ હતી. ગાંધીના કામને વરેલા દૃષ્ટિવાળા કાર્યકરોનું એક સરસ જૂથ હતું. સમાજને બદલવાની એક ઠંડી તાકાત હતી. પણ વ્યક્તિના જીવનમાં શું કે

સમાજના જીવનમાં શું, ઘણીવાર એવી પળો આવે કે જેમાં વ્યક્તિ કે સમાજના ચારિત્ર્યની કસોટી થતી હોય છે. ૧૯૬૯ના કોંગ્રેસના વિભાજનને કારણે રાજકીય ક્ષેત્રે તો જે કંઈ પ્રાપ્ત થતું હોય તે, પણ ગાંધીપરિવારની કરોડરજ્જુ સમાન રચનાત્મક સંસ્થાઓને તો એણે છિન્નભિન્ન કરી જ નાખી છે. અરીસામાં જેમ તિરાડ પડે તેમ રચનાત્મક કાર્યકરોના દિલમાં તિરાડ તો પડી જ છે. આને લીધે શિક્ષણના કામને વધારેમાં વધારે સહન કરવાનું આવ્યું. પુરવઠાની હરોળ જ કપાઈ ગઈ. આ સારું ન થયું. ઇતિહાસ આપણને માફ નહિ કરે. આનાં માઠાં પરિણામો વર્ષો સુધી ભોગવ્યા કરવાં પડશે. ગાંધીએ ભાગલા વખતે કમને સંમતિ આપીને જે પસ્તાવો કરેલો, લગભગ તેવી આ ભૂલ છે. સુધારતાં વખત લાગશે. આજની અકળામણનાં, અરાજકતાનાં અતંત્રતાનાં મૂળ એમાં છે.

૧૯૬૪માં મેં એમ. એડ્. કરવાનો વિચા કર્યો. તે વખતે સૌરાષ્ટ્રમાં એમ. એડ્. માટે એક જ કૉલેજ હતી. આર. જી. ટી. કૉલેજ-પોરબંદર. અમારા પહેલાં ભાઈ પ્રવીણભાઈ શાહ અને ભાઈ જયંતીભાઈ અંધારિયા પ્રથમ વર્ષમાં હતા. ઇન્ટરવ્યૂ વખતે અમને કહેવામાં આવ્યું કે લોકભારતીના વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજી નથી એટલે એડમિશન નહિ આપીએ. અમે મૂંઝાયા. થયું કે ચાલોને માથાફૂટ તો કરીએ. અમે પૂછયું – "તમે ભણાવવાનાં અંગ્રેજીમાં કે ગુજરાતીમાં ?" કહે – "ગુજરાતીમાં". "તમે પરીક્ષા અંગ્રેજીમાં લેવાના કે ગુજરાતીમાં ?" કહે-"ગુજરાતીમાં". એટલે અમે કહ્યું – "જો તમે ભણાવવાના ગુજરાતીમાં જ હો, પરીક્ષા પણ ગુજરાતીમાં જ લેવાના હો, તો પછી અમને મહેનત કરવાની તક તો આપો. અમે મહેનત કરશું."આમાં કોઈ તર્ક નહોતો. ગંભીરતા પણ નહોતી. દલીલ કરવા ખાતર અમે દલીલ કરતા હતા. ઇન્ટરવ્યૂમાં ત્યાંના પ્રિન્સિપાલ મહેશભાઈ વૈષ્ણવ અને બી. યૂ. પારેખ બેઠા હતા.એમને અમારી વાત ગળે ઊતરી હોય તેવું લાગ્યું.

ત્યાં મહેશભાઈ કહે – "તમારી વાત તો સાચી, પણ રેફરન્સ બુકો બધી અંગ્રેજીમાં જ હોય છે. એનો લાભ તમે ન લઈ શકો ને ?" મહેશભાઈએ ખરું ગતકડું કાઢયું ! વાત તો મુદ્દાની હતી. પુસ્તકો મોટે ભાગે અંગ્રેજીમાં જ હતાં. છતાં અમે પૂછયું – "હિન્દીમાં પણ હશે ને ?" એમણે કહ્યું – " છે તો ખરાં, પણ ઓછાં છે."

"બસ ત્યારે. હિન્દી અમને ફાવે છે."આટલી માથાફૂટ પછી અમને એડમિશન આપવામાં આવ્યું.

### અંગ્રેજીનું ભાષામૂલ્ય

અભ્યાસમાં અમે ખૂબ મહેનત કરતા. અમારા પ્રોફેસરો પણ અમારા માટે અંગત રસ લેતા. મુ. મહેશભાઈ, મું પારેખસાહેબ, મણિયાર સાહેબ, ત્રણેએ ખૂબ મહેનત લીધી. ઘણીવાર તો રાતે ૧૨-૧૨ વાગ્યા સુધી ઘેર બોલાવીને અમને નોંધ લખાવે. સ્વાધ્યાય કરાવે. આ વાંચો, તે વાંચો, એમ જાતજાતનાં સૂચનો કરે. ક્યારેક પત્રો પણ લખે. રાતે ૧૨ વાગ્યે થાકીએ ત્યારે પારેખસાહેબ કે મણિયારસાહેબ જાતે જ ચા મૂકે. ચા પાઈને પછી જ જવા દે. યુનિવર્સિટી કક્ષાએ એમ. એડ્‌ના વિદ્યાર્થિઓની આટલી કાળજી રાખનારા પ્રોફેસરો પણ હોય છે એવો ખ્યાલ પહેલી જ વાર આવ્યો. એ બે વરસ જિંદગીનું એક સંભારણું બની ગયાં. અમારામાંથી ભાઈ પ્રવીણભાઈ શાહ ગુજરાત યુનિવર્સિટીમાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવ્યા અને મેનન સુવર્ણચંદ્રક પણ મેળવ્યો.

લોકભારતીમાં સ્વાધ્યાય કરવાની જે વૃત્તિ કેળવાયેલી તે અહીં ખૂબ ખપ લાગી.

એક ભાષા તરીકે અંગ્રેજી ભાષા અમારી પાસે નથી. અધકચરી છે, તેનો વસવસો પરીક્ષા પૂરતો તો ન રહ્યો; પણ એમ થતું ખરું કે અંગ્રેજી ભાષા હોત તો અસલ પુસ્તકો વાંચ્યાં હોત. ભાષા એક હથિયાર છે. જ્યાં જેનો જેવો ખપ. અંગ્રેજીમાં જે ઉત્તમ છે તેનો લાભ ન લઈ શક્યા. અનુવાદ મારફતે લેવો પડ્યો. આ જેવી તેવી ખોટ નથી. પણ સાથોસાથ એમ પણ કહેવું છે કે કોઈ પણ વ્યવસ્થા એવી પણ ન હોવી જોઈએ કે અંગ્રેજી વિના વિદ્યાર્થીનાં બારણાં જ બંધ થઈ જાય.

મેં આનો લાભ બીજી રીતે લીધો. મનોવિજ્ઞાનમાં મને લોકભારતીમાં હતો ત્યારથી રસ. એમ. એડ્.માં મનોવિજ્ઞાન અને ફિલસૂફી બંને મારા મુખ્ય વિષયો. એટલે શરૂઆતથી જ મેં રસ લેવા માંડ્યો. અંગ્રેજી ન હોવાને કારણે અમને કાઢી મૂકેલા તે મને સતત ડંખ્યા કરતું હતું. એટલે અમારી કૉલેજમાં હિન્દીમાં જેટલાં જેટલાં પુસ્તકો હતાં તે ભેગાં કર્યાં. કેટલાંક ખરીદી પણ લીધાં. પછીઅભ્યાસક્રમ પ્રમાણે એક નોંધ તૈયાર કરી. આ નોંધ અમારા પ્રોફેસરોને, મારા સહાધ્યાયીઓને ખૂબ ઉપયોગી લાગી. પરીક્ષા વખતે અમે એનો જ આધાર લીધો.

## મારાં પુસ્તકો પ્રગટ થયાં

પછી મેં અનડા પ્રકાશનવાળા છોટુભાઈને એ નોંધ બતાવીને કહ્યું કે આ ગમે તો છાપજો. એમણે ગુજરાત યુનિવર્સિટીના મનોવિજ્ઞાનના અધ્યાપક ઉજમશી કાપડિયાને એ નોંધ અભિપ્રાય માટે આપી. એમને ગમી. અને આમ મારું પ્રથમ પુસ્તક "શૈક્ષણિક મનોવિજ્ઞાન" ૧૯૬૮માં છપાયું. એ જ વર્ષે બીજું પુસ્તક "સાહિત્યસર્જન" પણ છપાયું. બે જ બરસમાં એની બીજી આવૃત્તિ પણ છાપવી પડી. ત્રીજું પુસ્તક "હિન્દી વ્યાકરણ પ્રવેશ" છપાયું.

મારી આ લેખનપ્રવૃત્તિમાં વધારેમાં વધારે રસ મુ. ઈશ્વરભાઈ પેટલીકરે લીધો છે. ઈશ્વરભાઈ સાથે મારે પરિચય નહિ, પણ લોકભારતી હતો ત્યારે એમણે "સંસાર"માં મારો "બે પ્રસંગો" નામનો લેખ છાપેલો. ત્યારથી પરિચય. પછી તો વાર્તાના અનુવાદો મોકલતો. એકેએક અનુવાદ તેઓ છાપતા. પછી તો એ 'સંદેશ'માં જોડાયા એટલે 'આરામ'માં પીતાંબરભાઈ સાથે પરિચય કરાવ્યો. એમને મારા અનુવાદો ખૂબ ગમતા. એ તો સામેથી મને લખતા. ખાસ વાર્તા મંગાવતા. સૌથી વધારે વાર્તાઓ 'આરામ'માં છપાઈ છે. 'વાચસ્પતિ'એ એને માટે ખૂબ સારી નોંધો લખી છે. આમ ઈશ્વરભાઈએ મને આ રવાડે ચડાવ્યો. મારો વાંસો થાબડ્યો, એક મોટાભાઈની જેમ.

મારી ચાર પુસ્તિકાઓ ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણ સમિતિ તરફથી પણ છપાઈ. 'આદિવાસીઓ અને આશ્રમશાળા', 'જયપ્રકાશ નારાયણ ભાગ પહેલો', 'જયપ્રકાશ નારાયણ ભાગ બીજો' અને 'દાંડીની વાતો'. 'ગામડાંને બેઠાં કરીએ' અને 'જવાબ આપવો પડશે' આ બે પુસ્તિકાઓ મંજૂર થઈ છે. આ પુસ્તિકાઓ લખવામાં ઈશ્વરભાઈએ તો મદદ કરી જ, પણ મુરબ્બી યશવંતભાઈ શુક્લે આવી પુસ્તિકા કેમ લખાય તેની બરાબર તાલીમ આપી. દૃષ્ટિ આપી.

૧૯૮૧માં ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે ધોરણ નવમાના હિન્દી પુસ્તકનું સંપાદન કરવાની જવાબદારી મને સોંપી. મેં તે સંપાદન કર્યું. આવું એક ઉમદા સત્કાર્ય કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું તેનો મને આનંદ તો છે જ, ગૌરવ પણ છે.

આ ઉપરાંત મારું અનુવાદિત પુસ્તક "જયપ્રકાશની જીવનજ્યોત" વિશ્વમાનવ ટ્રસ્ટ-વડોદરા તરફથી મુ. ભોગીભાઈ ગાંધીએ છાપ્યું. બીજું પુસ્તક "મન્ટોની શ્રેષ્ઠ વાર્તાઓ" પણ અમદાવાદની

આદર્શ પ્રકાશન સંસ્થા તરફથી છપાયું. હાસ્યલેખક વિનાદ ભટ્ટે ‘સંદેશ’માં અને રઘુવીર ચૌધરીએ ‘તિલક કરે રઘુવીર’ કૉલમમાં ‘જન્મભૂમિ’માં એની સરસ નોંધ પણ લખી છે.

આમ મારાં બાર પુસ્તકો છપાયાં જેમાં મારા અનેક મુરબ્બીઓએ અંગત રસ લઈ મને તાલીમ આપી છે. પણ સાથોસાથ મારે એમ પણ કહેવું જોઈએ કે લોકભારતીમાં સ્વાધ્યાય કરવાની જે તાલીમ મળેલી તે મને આમાં અનેક રીતે ઉપયોગી થઈ છે. મારા અનુભવને આધારે હું એવું ચોક્કસ માનું છું કે વિદ્યાર્થી વધારે ને વધારે સ્વાધ્યાય કરતો થાય, અભ્યાસ કરતો થાય તે તરફ વધારે ને વધારે લક્ષ અપાવું જોઈએ. લોકભારતીમાં આ થતું, એ જ એની વિશેષતા હતી. યુનિવર્સિટી કક્ષાએ આ જરૂરી છે. પોતાના રસના વિષયોમાં વિદ્યાર્થી વધારે ને વધારે ઊંડો ઊતરતો જાય, અભ્યાસરત બનતો જાય, તે માટે પણ આ જરૂરી છે. આનાથી એની અંદરનું સત્ત્વ કૉળી ઊઠે છે. નહિતર મારા જેવો એક સામાન્ય વિદ્યાર્થી, જેને કટકે કટકે ભણવાનું મળ્યું છે, ઓછામાં ઓછી તકો મળી છે, તેને લોકભારતી જેવી સંસ્થા ન મળી હોત, નાનાભાઈ અને મનુભાઈ અને મૂળશંકરભાઈ જેવા સાત્ત્વિક  વિદ્યાપુરુષો ન મળ્યા હોત તો હું જે કંઈ કરી શક્યો છું તે ન કરી શક્યો હોત, એમ સતત લાગ્યા કર્યું છે. લોકભારતીએ મને એવું કંઈક આપ્યું છે જેનું ઋણ હું ક્યારેય ચૂકવી શકીશ નહિ.

------------------------------------------------------------------------